PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬કવા–૦૧/૧૮–૧૯/ 3948/6 તા. 11-5-18

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**શ્રી મોરબી પ્લોટ જૈન શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ,**
**C/O, દિનેશભાઈ મહેતા (ટ્રસ્ટી શ્રી)**
**<u>૨–શકિત પ્લોટ,શનાળા રોડ</u>**
**<u>મોરબી–૩૬૩ ૬૪૧</u>**
**મો: ૮૮૦૬૦ ૩૩૩૯૯**

**વિષય :–ધાર્મીક સંસ્થાને ગુજરાત સરકાર શ્રી ના આદેશ મુજબ વીજબીલ મા રાહત આપવા બાબત**
**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૪–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૬કવા–૦૧/૧૮–૧૯ )</u>**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**<u>નકલ રવાના :</u>**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી**
**<u>(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,મોરબી</u>**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૧૬કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૩–૦૫–૧૮ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શ્રી મોરબી પ્લોટ જૈન શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,મોરબી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :એન.ડી.પનારા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, મોરબી)**

## : હુકમ :

**ફરીયાદ : ધાર્મીક સંસ્થાને ગુજરાત સરકાર શ્રી ના આદેશ મુજબ વીજબીલ મા રાહત આપવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના જૈન તપગચ્છ સંઘ નામના બે જોડાણો ગ્રાહક નં.: ૩૪૯૦૨/૦૧૧૭૪/૨ અને૩૪૯૦૨/૦૦૮૩૫/૦ ધાર્મીક સંસ્થાના છે. તો અરજદાર દ્વારા રજુ કરાયેલા ગુજરાત સરકાર શ્રી ના ગેઝેટ ની નકલ અન્વયે – સરકાર શ્રી ના આદેશ મુજબ – તેઓને ૪૦% કન્ઝમ્પશન ચાર્જ મા મુકતી અપાવવા માટે યોગ્ય કરવા માટે – તેમજ, સદર જોડાણો ના બીલો તેઓએ વાંધા સાથે ભરપાઈ કરેલા હોય – તે વાંધા સાથે ભરપાઈ કરાયેલા બીલો નુ વળતર અપાવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – અરજદાર ના વીજબીલ મા ૪૦% કન્ઝમ્પશન ચાર્જ મા વીજકર ની મુકતી અપાવવા માટે ની રજુઆત અન્વયે – વિભાગીય કચેરી દ્વારા તા.૨૬–૦૪–૧૮ ના રોજ રૂબરૂ બોલાવેલ – જેમા વીજકર ની આકારણી બાબતે – સંતોષકારક સમજણ અપાયેલ – જેથી અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૬–૦૪–૧૮ નો – અરજદાર ના લેટર હેડ પર નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ના પત્ર તા.૨૬–૦૪–૧૮ ના લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, સદર કેઈસ મા, ફોરમ કમિટી એ કઈ કરવાનુ રહેતુ ન હોવાથી – અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

## <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય – જેથી સદર કેઈસ મા, ફોરમ કમિટી એ કઈ કરવાનુ રહેતુ ન હોવાથી – અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.